


અનંત સિધ્ધ ભગવંતો
સિધ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાંતિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોકમાં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકો
૯૦૦ યોજન મધ્યલોક
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧૦૦૦ યોજન
૧,૭૮૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકો
૧૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

જ્યોતિષ્કાઃ સૂર્યાઃ ચન્દ્રમસઃ ગ્રહ-નક્ષત્ર-પ્રકીર્ણતારકાઃ ચ ૪-૧૩

**શબ્દાર્થ :** જ્યોતિષ્ક = ત્રીજી નિકાયના દેવો, પ્રકીર્ણતારક = છુટા છુટા તારા, સૂર્ય - ચન્દ્રમસ્ - ગ્રહ - નક્ષત્ર = તારા, સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો

**સૂત્રાર્થ :** સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ જ્યોતિષ્કનિકાયના (પાંચ ભેદો) છે.


નીચેના યંત્રથી ગ્રહ, નક્ષત્રના સ્થાન સહેલાઈથી સમજાઈ જશે.

| **સમભૂતલા પૃથ્વીથી યોજન** | **કોનું સ્થાન છે ?** |
|---|---|
| ૭૯૦ | ........................................ તારા |
| + ૧૦ | |
| ૮૦૦ | ........................................ સૂર્ય |
| + ૮૦ | |
| ૮૮૦ | ........................................ ચંદ્ર |
| + ૦૪ | |
| ૮૮૪ | ........................................ નક્ષત્ર |
| + ૦૪ | |
| ૮૮૮ | ........................................ બુધ |

| | | |
|---|---|---|
| + ०३ | | |
| ८९१ | .............................. | શુક્ર |
| + ०३ | | |
| ८९४ | .............................. | ગુરુ |
| + ०३ | | |
| ८९७ | .............................. | મંગળ |
| + ०३ | | |
| ९०० | .............................. | શનિ |

આ પ્રમાણે સંપૂર્ણ જ્યોતિષ્ચક્ર ઊંચાઈમાં (૯૦૦ - ૭૯૦) = ૧૧૦ યોજનમાં અને લંબાઈમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણ છે.

# જ્યોતિષ વિમાનોના સ્થાનો




૭૯૦ x 3200
= 2,528,000
૨૫ લાખ, ૨૮ હજાર

૧ યોજન = ૩૨૦૦ માઈલ
૧૦ યોજન = ૩૨૦૦૦ માઈલ

સૂત્ર (૪-૧૪) પ્રયોજન : જ્યોતિષ્ક વિમાનોના પરિભ્રમણ ક્ષેત્રને જણાવે છે.


**मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ४-१४**

**મેરુપ્રદક્ષિણા નિત્યગતયો નૃલોકે ૪-૧૪**

**મેરુપ્રદક્ષિણાઃ નિત્યગતયઃ નૃલોકે ૪-૧૪**

**શબ્દાર્થ :** મેરુ પ્રદક્ષિણા = મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા, નિત્યગતય = હંમેશા ગતિ કરનારા, નૃલોકે = મનુષ્યલોકમાં.

**સૂત્રાર્થ :** મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા નિત્ય ગતિ કરનારા જ્યોતિષ્ક દેવો મનુષ્યલોકમાં છે. (અર્થાત્ પાંચે પ્રકારના જ્યોતિષક દેવો મનુષ્યલોકમાં સદા મેરુપર્વતને પ્રદક્ષિણા આપતા પરિભ્રમણ કરે છે).


પુષ્કરાર્ધ
કાલોદધિ
ધાતકી
લવણ
જંબૂ
મેરૂ
૬૬
૩૬
૨૧
૬
૨
૧
૧
૨
૬
૨૧
૩૬
=૬૬,

| મનુષ્યલોકમાં (અઢીદ્વીપમાં) | સૂર્યની સંખ્યા | ચંદ્રની સંખ્યા |
|---|---|---|
| જંબૂદ્વીપ | ૨ | ૨ |
| લવણસમુદ્ર | ૪ | ૪ |
| ધાતકી ખંડ | ૧૨ | ૧૨ |
| કાલોદધિ સમુદ્ર | ૪૨ | ૪૨ |
| અર્ધપુષ્કર | ૭૨ | ૭૨ |
| અઢી દ્વીપમાં | કુલ ...૧૩૨ | કુલ ...૧૩૨ |

તે સૂર્ય - ચંદ્ર પૂર્વમાં ૬૬-૬૬ અને પશ્ચિમમાં ૬૬-૬૬ એમ બે ભાગમાં વિભાજીત હોવાથી ચંદ્રની પંક્તિ ૬૬-૬૬ એવું કહેવામાં આવે છે.

## તત્ કૃતઃ કાલવિભાગઃ   ૪-૧૫

**શબ્દાર્થ :** તત્ = તે (જ્યોતિષ્ક) વડે, કૃતઃ = કરાયેલ, કાલવિભાગ = કાળની ગણત્રી.

**સૂત્રાર્થ :** તે (જ્યોતિષ્ક વિમાનોની ગતિ) વડે કાળનો વિભાગ (ગણતરી) થાય છે.

## બહિઃ અવસ્થિતાઃ ૪-૧૬

**શબ્દાર્થ :** બહિઃ = બહાર, અવસ્થિતાઃ = સ્થિર રહેલા છે.

**સૂત્રાર્થ :** (મનુષ્યલોકની) બહાર (જ્યોતિષ્ક વિમાનો) સ્થિર છે.

**ભાવાર્થ :** પ્રથમ (૪-૧) સૂત્રમાં દેવોની ચાર નિકાયો બતાવી તેમાં ત્રીજી નિકાય તે જ્યોતિષ્ક દેવો. આ જ્યોતિષ્ક દેવોનું સ્થાન મધ્યલોકમાં (તિર્ચ્છાલોકમાં) છે.

**વૈમાનિકાઃ ૪-૧૭**

**શબ્દાર્થ :** વૈમાનિકાઃ = વૈમાનિક દેવો

**સૂત્રાર્થ :** (અહીંથી) વૈમાનિક દેવો (નો અધિકાર શરૂ થાય છે).

**કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ ૪-૧૮**

**કલ્પ-ઉપપન્નાઃ કલ્પ-અતીતાઃ ચ ૪-૧૮**

**શબ્દાર્થ :** કલ્પોપપન્ન = કલ્પ (આચાર)વાળા.

કલ્પાતીતાઃ = કલ્પ રહિત છે તેવા. ગમનાગમન (આચાર વિનાના)

**સૂત્રાર્થ :** (વૈમાનિક દેવોના) કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકાર છે.


**उपर्युपरि** **४-१९**

**ઉપર્યુપરિ** **૪-૧૯**

**ઉપરિ-ઉપરિ** **૪-૧૯**

**શબ્દાર્થ :** ઉપરિ-ઉપરિ = ઉપર ઉપર

**સૂત્રાર્થ :** (વૈમાનિક નિકાયના દેવો) ઉપર ઉપર (રહેલા છે.)




અનંત સિધ્ધ ભગવંતો
સિધ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાંતિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોકમાં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકી
૯૦૦ યોજન મધ્યલોક
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧૦૦૦ યોજન
૧,૭૮૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકી
૧૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

સૌધર્મ ઈશાન સનત્કુમાર માહેન્દ્ર બ્રહ્મલોક લાન્તક
મહાશુક્ર સહસ્રારેષુ આનતપ્રાણતયોઃ આરણાચ્યુતયોઃ
નવસુ ગ્રૈવેયકેષુ વિજય વૈજયન્ત જયન્ત અપરાજિતેષુ
સર્વાર્થસિદ્ધે ચ ૪-૨૦

**શબ્દાર્થ :** સૌધર્મ = સૌધર્મ (પહેલો દેવલોક), ઈશાન = ઈશાન (બીજો દેવલોક), સનત્કુમાર = સનત્કુમાર (ત્રીજો દેવલોક), માહેન્દ્ર = માહેન્દ્ર (ચોથો દેવલોક), બ્રહ્મલોક = બ્રહ્મલોક (પાંચમો દેવલોક), લાન્તક = લાન્તક (છઠ્ઠો દેવલોક), મહાશુક્ર = મહાશુક્ર (સાતમો દેવલોક), સહસ્રાર = સહસ્રાર (આઠમો દેવલોક), આનત - પ્રાણતયો: = આનત - પ્રાણત (નવમો - દસમો દેવલોક) (બંનેનો ઇંદ્ર એક છે), આરણ-અચ્યુતયો: = આરણ-અચ્યુત (૧૧-૧૨ મો દેવલોક) (બંનેનો ઈન્દ્ર એક છે), નવસુ ગ્રૈવેયકેષુ = નવગ્રૈવેયકોમાં, વિજય = વિજય (પહેલું અનુત્તર વિમાન), વૈજયન્ત = વૈજયન્ત (બીજું અનુત્તર વિમાન), જયન્ત = જયન્ત (ત્રીજું અનુત્તર વિમાન), અપરાજિત = ચોથુ અનુત્તર વિમાન, સર્વાર્થસિદ્ધ = પાંચમું અનુત્તર વિમાન.

**સૂત્રાર્થ :** સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવગ્રૈવેયક, વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, અને સર્વાર્થસિદ્ધમાં (વૈમાનિક દેવો રહે છે.)


અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૧
૧૨
૯
૧૦
૮
૭
૬
૫
૩
૪
૧
૨

# સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધિ-ઈન્દ્રિય-અવધિ વિષયતઃ અધિકાઃ ૪-૨૧

**શબ્દાર્થ :** સ્થિતિ = આયુષ્ય, પ્રભાવ = નિગ્રહ - અનુગ્રહ શક્તિ, સુખ = સુખ, દ્યુતિ = તેજ (કાંતિ), લેશ્યા વિશુદ્ધિ = લેશ્યા-દેહવર્ણની વિશુદ્ધિ, ઈન્દ્રિયવિષયઃ = દૂરથી ઈષ્ટ વિષયોના ગ્રહણનું ઈન્દ્રિય સામર્થ્ય, અવધિવિષય = અવધિજ્ઞાનનું સામર્થ્ય.

**સૂત્રાર્થ :** સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાવિશુદ્ધિ, ઈન્દ્રિયવિષય, અવધિવિષય (આ સાત બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ) અધિક અધિક હોય છે.

સૂત્ર ૪-૨૧ માં કહ્યું છે કે: ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર દેવોમાં, ૭ બાબતો ક્રમશ: અધિક હોય છે.

| | | |
|---|---|---|
| (૧) સ્થિતિ એટલે આયુષ્ય | ક્રમશ: | વધુ |
| (૨) પ્રભાવ એટલે શક્તિ, લબ્ધિ | " | " |
| (૩) સુખ એટલે હર્ષ, પ્રીતિ | " | " |
| (૪) દ્યુતિ એટલે મુખ, દેહની કાંતિ | " | " |
| (૫) લેશ્યા એટલે આત્મપરિણામની ધારા | " | " |
| (૬) વિશુદ્ધિ એટલે કષાયોની મંદતા | " | " |
| (૭) વિશુદ્ધ અવધિજ્ઞાન કે જોવાની શક્તિ | " | " |

ક્રમશ: વધતા અવધિજ્ઞાન વડે અનુત્તર દેવો સંપૂર્ણ ત્રસનાડીને જોઈ શકે છે.

સૂત્ર (૪-૨૨) પ્રયોજન : વૈમાનિક દેવો તેમની ગતિ-શરીર-પરિગ્રહ-અભિમાન એ ચાર વિષયમાં ઉપર ઉપરના કલ્પમાં રહેલી ન્યૂનતા દર્શાવે છે.

**गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ४-२२**

**ગતિશરીરપરિગ્રહાભિમાનતો હીનાઃ ૪-૨૨**

**ગતિ-શરીર-પરિગ્રહ-અભિમાનતઃ હીનાઃ ૪-૨૨**

**શબ્દાર્થ :** ગતિ = ગમન કરવાની શક્તિ, શરીર = અવગાહના (શરીરની ઉંચાઈ) પરિગ્રહ = વિમાનનો પરિવાર, અભિમાન = અહંકાર, હીનાઃ = ઓછું ઓછું.

**સૂત્રાર્થ :** ગતિ, શરીર, પરિગ્રહ, અભિમાન (આ ચાર વિષયોમાં ઉપર ઉપરના દેવો ક્રમશઃ) હીન હીન હોય છે.

| દેવલોક | કેટલા હાથ ઊંચુ શરીર ? |
|---|---|
| સૌધર્મ-ઈશાન | સાત હાથ |
| સનત્કુમાર-માહેન્દ્ર | છ હાથ |
| બ્રહ્મલોક-લાન્તક | પાંચ હાથ |
| મહાશુક્ર-સહસ્રાર | ચાર હાથ |
| ૯ થી ૧૨ દેવલોક | ત્રણ હાથ |
| નવ ગ્રૈવેયક | બે હાથ |
| અનુત્તર | એક હાથ |

| | દેવલોક | વિમાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સૌધર્મ | ૩૨ લાખ |
| ૨ | ઈશાન | ૨૮ લાખ |
| ૩ | સનત્કુમાર | ૧૨ લાખ |
| ૪ | માહેન્દ્ર | ૮ લાખ |
| ૫ | બ્રહ્મલોક | ૪ લાખ |
| ૬ | લાંતક | ૫૦ હજાર |
| ૭ | મહાશુક્ર | ૪૦ હજાર |
| ૮ | સહસ્ત્રાર | ૬ હજાર |
| ૯-૧૦ | આનત-પ્રાણત | ૪૦૦ |
| ૧૧-૧૨ | આરણ-અચ્યુત | ૩૦૦ |
| | નવગ્રૈવેયક | ૩૧૮ |
| | અનુત્તર | ૫ |
| | ઊર્ધ્વલોકના..................કુલ | ૮૪,૯૭,૦૨૩ |

શ્રી જીવવિજય કૃત
**સકલ-તીર્થ વંદના સૂત્ર**

સકલ તીર્થ વંદુ કર જોડ
જિનવર-નામે મંગલ કોડ
પહેલે સ્વર્ગે લાખ બત્રીશ
જિનવર ચૈત્ય નમું નિશદિશ (૧)


બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં
ત્રીજે બાર લાખ સદ્દહ્યાં
ચોથે સ્વર્ગે અડલખ ધાર
પાંચમે વંદુ લાખ જ ચાર (૨)

છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ
સાતમે ચાલીસ સહસ પ્રાસાદ
આઠમે સ્વર્ગે છ હજાર
નવ દશમેં વંદુ શત ચાર (૩)

અગ્યાર-બારમેં ત્રણસે સાર
નવગ્રૈવેયકે ત્રણસેં અઢાર
પાંચ અનુત્તર સર્વે મલી
લાખ ચોરાસી અધિકાવળી (૪)

સહસ સત્તાણું ત્રેવીશ સાર
જિનવર ભવનતણો અધિકાર
લાંબા સો જોજન વિસ્તાર
પચાસ ઊંચા બહોંતેર ધાર (૫)

કુલ ૧૫ ગાથા છે.



અનંત સિધ્ધ ભગવંતો
સિધ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાન્તિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોક માં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકી
૯૦૦ યોજન મધ્યલોક
૧૦૦૦ યોજન
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧,૭૮૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકી
૧૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

જીવોની પાંચ બાબતોમાં દેવોનો અનુભવ.

(૧) <u>ઉચ્છ્વાસ</u>: ૧૦ હજાર વર્ષના આયુષ્યવાળા દેવો લગભગ દર અર્ધમિનિટે એકવાર શ્વાસોચ્છ્વાસ લે છે. પલ્યોપમ આયુષ્યવાળા દેવો દિવસે એકવાર શ્વાસ લે છે. સાગરોપમના આયુષ્યવાળા દેવો, જેનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તેટલા પખવાડિયે એક શ્વાસોચ્છ્વાસ લે છે.

(૨) <u>આહાર</u>: ત્રણ ભેદ <u>ઓજાહાર</u>; <u>લોમાહાર</u>; અને કવલાહાર

<u>ઓજાહાર</u>: ઉત્પત્તિના પહેલા સમયથી શરીર પર્યાપ્તિ સુધીમાં ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર

<u>લોમાહાર</u>: શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ સ્પર્શેન્દ્રિયથી ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર.

<u>કવલાહાર</u>: કોળીયાથી ગ્રહણ કરાતો આહાર. દેવોને કવલાહાર હોતો નથી.

(૩) <u>વેદના</u>: સામાન્ય રીતે દેવોને સાતાવેદનીય અર્થાત સુખવેદના જ હોય છે. ક્યારેક જ અસાતાવેદનીય (દુઃખ)ની અનુભૂતિ થાય છે. અસાતાવેદનીયનો ઉદય થાય તો પણ અંતર્મુહૂર્તથી વધારે સમય રહેતો નથી. સતત શુભવેદના છ મહીના સુધી હોય છે પછી અશુભવેદના થાય છે. અંતર્મુહૂર્ત બાદ ફરીથી શુભ વેદના શરૂ થાય છે.

(૪) ઉપપાત: દેવપર્યાયમાં જન્મ ગ્રહણ
કરવો તેને ઉપપાત કહેવાય છે.
મિથ્યાદ્રષ્ટિ જીવ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઈ
શકે છે.
સમ્યગ્દ્રષ્ટિ સંયમી સૌધર્મ દેવલોકથી આરંભી
સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થઈ શકે છે.
ચૌદ પૂર્વધર સાધુ પાંચમા બ્રહ્મલોકથી સર્વાર્થ-
સિદ્ધ સુધી કોઈપણ કલ્પમાં ઉત્પન્ન થઈ શકે છે.

(૫) અનુભાવ: પરિણમન, લોકસ્વભાવ
વિમાનો તથા સિદ્ધશિલા કોઈ જાતના આધાર
વિના આકાશમાં સ્થિર રહેલા છે. તેમાં
લોકસ્થિતિ (લોકસ્વભાવ) જ કારણ છે.
અરિહંત પરમાત્માના જન્માભિષેક, કેવળજ્ઞાન, નિર્વાણ
આદિ પ્રસંગો દેવોના આસનનું કંપિત થવું
તે લોકસ્વભાવ જ કારણ છે.
અવધિજ્ઞાનના ઉપયોગથી જાણી પરમાત્માના
કલ્યાણક ઉજવવા ઇન્દ્ર આદિ દેવો ભગવાનની
પાસે આવી સ્તુતિ, વંદના, વાણીશ્રવણ વગેરે
આરાધના વડે આત્મશ્રેય સાધે છે.
નવગ્રૈવેયકના દેવો પોતાના સ્થાનમાં જ રહીને
અને અનુત્તર દેવો પોતાની શય્યામાં જ રહીને
સ્તુતિ, પૂજન કરે છે.

## પીત-પદ્મ-શુક્લ લેશ્યા દ્વિ-ત્રિ-શેષેષુ ૪-૨૩

**શબ્દાર્થ :** પીત = તેજો લેશ્યા, પદ્મ = પદ્મ લેશ્યા, શુક્લ = શુક્લ લેશ્યા, લેશ્યા = દેહવર્ણરૂપ લેશ્યા, દ્વિ = પ્રથમ બે કલ્પ, ત્રિ = ત્રીજો - ચોથો - પાંચમો કલ્પ, શેષેષુ = બાકીના (છઠ્ઠા કલ્પથી પાંચમા અનુત્તર સુધી)

**સૂત્રાર્થ :** પીત (તેજો), પદ્મ અને શુક્લ લેશ્યા (અનુક્રમે) બે, ત્રણ અને શેષ દેવલોકમાં હોય છે.

# શારીરિક વહુરૂપ કામસમસ્યા

| | |
|---|---|
| સમસ્યા | કયા વૈમાનિક દેવલોકમાં હોય? |
| બીજ (નમૂનો) | સૌધર્મ અને ઈશાન |
| પદ્મ | સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક માં રહેતા દેવો |
| યુક્તિ | બાકીના દેવલોકના દેવોમાં તથા ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવોમાં |

## પ્રાગ્ ગ્રૈવેયકેભ્ય: કલ્પા:            ૪-૨૪

**શબ્દાર્થ :** પ્રાગ્ = પહેલા (પૂર્વે), ગ્રૈવેયકેભ્ય: = ગ્રૈવેયકથી

કલ્પ = સ્વામી-સેવક મર્યાદા ભાવવાળા દેવોના સ્થાન

**સૂત્રાર્થ :** ગ્રૈવેયકની પૂર્વે (ના સર્વ દેવો) કલ્પવાળા છે (કલ્પવાળા કહેવાય છે.)

સૂત્ર (૪-૨૫) પ્રયોજન : લોકાન્તિક દેવોનું સ્થાન જણાવે છે.

**ब्रह्मलोकालया लोकान्तिकाः ४-२५**


**બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ ૪-૨૫**

**બ્રહ્મલોક આલયા લોકાન્તિકાઃ ૪-૨૫**

**શબ્દાર્થ :** બ્રહ્મલોક = પાંચમો વૈમાનિક દેવલોક

આલય = નિવાસસ્થાન, લોકાન્તિક = લોકાન્તિક સંજ્ઞાવાળા દેવો.

**સૂત્રાર્થ :** લોકાન્તિ દેવોનું નિવાસસ્થાન બ્રહ્મલોક છે.


અનંત સિદ્ધ ભગવંતો
સિદ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાંતિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોકમાં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકો
૯૦૦ યોજન મધ્યલોક
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧૦૦૦ યોજન
૧,૭૮૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકો
૧૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

સૂત્ર (૪-૨૬) પ્રયોજન : લોકાંતિક દેવોના નામ જણાવે છે.

सारस्वतादित्यवह्न्यरुणगर्दतोय
तुषिताव्याबाधमरुतोऽरिष्टाश्च ४-२६

સારસ્વતાદિત્યવહ્ન્યરુણગર્દતોય
તુષિતાવ્યાબાધમરુતોરિષ્ટાશ્ચ ૪-૨૬

સારસ્વત-આદિત્ય-વહ્નિ-અરુણ-ગર્દતોય-
તુષિત-અવ્યાબાધ-મરુતઃ-અરિષ્ટાઃ ચ ૪-૨૬

## : નવ (૯) લોકાંતિક દેવો :

આ સૂત્રમાં તેમના નામ જણાવ્યા છે. (લોકાન્તિક દેવો "બ્રહ્મલોક" પાસે)


E (૧) સારસ્વત ઈશાન ખૂણામાં (૨) આદિત્ય પૂર્વ દિશામાં B

F (૩) વહ્નિ અગ્નિ ખૂણામાં (૪) અરુણ દક્ષિણ દિશામાં C

G (૫) ગર્દતોય નૈઋત્ય ખૂણામાં (૬) તુષિત પશ્ચિમ દિશામાં D

H (૭) અવ્યાબાધ વાયવ્ય ખૂણામાં (૮) મરુત ઉત્તર દિશામાં A

(૯) અરિષ્ટ બરાબર મધ્યમાં M



**સૂત્ર (૪-૨૭) પ્રયોજન :** અનુત્તરના વિજયાદિ ચાર વિમાનના દેવોનો સંસારકાળ જણાવે છે.

**विजयादिषु द्विचरमाः ४-२७**

**વિજયાદિષુ દ્વિચરમાઃ ૪-૨૭**

**વિજય આદિષુ દ્વિ ચરમાઃ ૪-૨૭**

**શબ્દાર્થ :** વિજયાદિષુ = વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત એ ચાર વિમાનોમાં, દ્વિ = બે, ચરમા = છેલ્લી વખત (મનુષ્યપણું)

**સૂત્રાર્થ :** વિજયાદિ (ચાર અનુત્તરવાસી દેવો) દ્વિચરમ ભવવાળા હોય છે.

## ઔપપાતિક મનુષ્યેભ્યઃ શેષાઃ તિર્યગ્યોનયઃ ૪-૨૮

**શબ્દાર્થ :** ઔપપાતિક = ઉપપાત જન્મવાળા દેવ અને નારક, મનુષ્યેભ્યઃ = મનુષ્ય સિવાયના, શેષાઃ = બાકી રહેલા જીવો, તિર્યગ્યોનયઃ = તિર્યંચ જીવો કહેવાય છે.

**સૂત્રાર્થ :** ઔપપાતિક (દેવ-નારક) અને મનુષ્ય સિવાયના (જે જીવો) બાકી રહ્યા તે તિર્યગ્ યોનિવાળા (તિર્યંચ) કહેવાય છે.